# સમજૂતી કરાર
# (Memorandum of Understanding)
### બિન–નાણાંકીય વ્યૂહાત્મક કરાર

**મલ્ટી સ્ટેટ ઈન્સ્ટીટયુટ ઓફ સ્કીલ ડેવલપમેંટ એન્ડ રિસર્ચ,**
**Multi State Institute of Skill Development and Research**
**ગાંધીનગર (ગુજરાત) ૩૮૨૩૨૦**
**Gandhinagar (Gujarat) 382320**

**અને**

**એગ્રો–ઈકોનોમિક રીસર્ચ સેન્ટર**
**Agro Economic Research Centre**
**સરદાર પટેલ યુનિવર્સિટી,**
**Sardar Patel University**
**વલ્લભ વિદ્યાનગર –૩૮૮૧૨૦, આણંદ, ગુજરાત**
**Vallabh Vidyanagar 388120, Anand, Gujarat**

Agro-Economic Research Centre (Ministry of Agriculture & Farmers Welfare, GOI) Sardar Patel University Vallabh Vidyanagar

## સમજૂતી કરાર (Memorandum of Understanding): **બિન–નાણાંકીય વ્યૂહાત્મક કરાર**

**આ બિન–નાણાંકીય વ્યૂહાત્મક કરાર આ દિવસે 17.01.2024 ના રોજ એગ્રો–ઈકોનોમિક રીસર્ચ સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિધાનગર–ઉઁ ઁ ૧૨૦, આણંદ, ગુજરાત** *(Agro Economic Research Centre, Sardar Patel University, Vallabh Vidyanagar 388120, Anand, Gujarat)* **અને મલ્ટી સ્ટેટ ઈન્સ્ટીટયુટ ઓફ સ્કીલ ડેવલપમેંટ એન્ડ રિસર્ચ, ગાંધીનગર, ગુજરાત** *(Multi State Institute of Skill Development and Research, Gandhinagar, Gujarat)* **ની વચ્ચે કરવામાં આવ્યો છે.**

## (૧.) એગ્રો–ઈકોનોમિક રીસર્ચ સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી (AERC,SPU,VVN)

- અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર, નવી દિલ્હીએ જુલાઈ ૧૯૬૧ માં ગુજરાત અને રાજસ્થાન રાજ્યો માટે એગ્રો–ઈકોનોમિક રીસર્ચ સેન્ટરની સ્થાપના સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિભાનગર ખાતે કરી હતી. સ્વ. શ્રી. એચ.એમ.પટેલ સાહેબ (નિવૃત આઈસીએસ) કે જેમણે વિદ્યાનગરમાં આવી સંસ્થાઓ સ્થાપવાની માત્ર દ્રષ્ટિ જ પૂરી પાડી ન હતી પણ સંસ્થાના વિકાસ માટે જરૂરી તમામ પ્રયત્નો અને પ્રોત્સાહનો પૂરા પાડયા હતા. આ રિસર્ચ સેન્ટર સરદાર પટેલ યુનિવર્સિટીની એક મહત્વની સહયોગી અને સ્વાયત્ત સંસ્થા તરીકે કામગીરી બજાવી રહી છે. આ સંસ્થાએ તેની સિધ્ધિઓ અને અનેક પડકારો સહિત ગૌરવશીલ ૬૨ વર્ષ પૂરા કર્યા છે. આ સમયગાળા દરમિયાન સેન્ટરે અથાગ પરિશ્રમ કરી મજબૂત પ્રતિબંધતા કેળવીને કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, ભારત સરકારને મજબૂત નીતિ–વિષયક અહેવાલો તૈયાર કરી અને સુપરત કરી એક અલગ પ્રતિસાદ આપતી સંસ્થા તરીકે ઉભરી આવી છે. ગ્રામીણ ક્ષેત્રે આવતા પરિવર્તનની દિશા અને પ્રત્યેક ક્રિયાને સમજવા માટે પ્રારંભિક તબક્કામાં આ સેન્ટરે વ્યાપક અને સર્વગ્રાહી ગામ મોજણીઓ અને પુનઃગામ મોજણીઓ જેવા સંશોધનાત્મક અભ્યાસો કર્યા હતા. સમયાન્તરે આ સંશોધનો સમસ્યાલક્ષી અભ્યાસો તરફ પરિવર્તિત થયા છે. અત્યાર સુધીમાં આ રિસર્ચ સેન્ટરે કુલ ૨૧૧ થી વધુ સમસ્યાલક્ષી અભ્યાસો, ૨૧ ગામ મોજણીઓ અને ૬ પુનઃ ગામ મોજણીઓ કરી છે. આમાંથી હાથ ધરવામાં આવેલા મોટાભાગના અભ્યાસોની ભલામણ ભારત સરકાર, ગુજરાત અને રાજસ્થાન સરકારે સ્વીકારેલ છે. જેને હવેથી પ્રથમ પક્ષકાર તરીકે ઓળખવામાં આવશે.

- તેમના કેટલાક અભ્યાસોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ પ્રાયોજિત કરેલ છે. સંશોધનની લાંબી મુસાફરી દરમિયાન સેન્ટરે સંશોધનના દરેક પાસાંઓની સાથે અભ્યાસયુક્ત પધ્ધતિમાં પણ નોંધપાત્ર સુધારો લાવવામાં મહત્વનું યોગદાન પૂરં પાડયું છે. ગુજરાત અને રાજસ્થાન રાજ્યના કૃષિ અને ગ્રામિણ વિકાસ માટે મહત્વના ઉપયોગી તારણો અને અમલમાં મુકેલી નીતિઓ સેન્ટરના સંશોધન અભ્યાસમાંથી જ બહાર આવ્યા છે. આ સમયગાળા દરમિયાન સંસ્થાએ અનેક પરિસંવાદો અને પરિષદોનું આયોજન (અનુસ્નાતક અર્થશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી સાથે સંયુક્ત રીતે) કરેલ છે.

- સેન્ટર ૧૯૭૦ થી ૨૦૧૯ સુધી ગુજરાતના મુખ્ય પાકોનો અભ્યાસ કરતી કોસ્ટ ઓફ કલ્ટીવેશન સ્કીમ જે વ્યાપક યોજના છે તેનું સંચાલન કરી રહી હતી. જે કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, ભારત સરકારે સરદાર પટેલ યુનિવર્સિટીને સોંપી હતી. સંસ્થા તેના આરંભથી સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક અર્થશાસ્ત્ર વિભાગ સાથે પૂરતો સહયોગ મેળવીને કાર્ય કરી રહી છે અને કૃષિ અર્થશાસ્ત્રમાં લગભગ ૪૦ જેટલા વિદ્વાનોને ડોક્ટરની પદવી અપાવવામાં પૂરતો સહયોગ અને મદદ પૂરી પાડી છે. સંસ્થાના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ દર્શાવ્યા છે.
    - ગ્રામીણ અર્થતંત્રમાં આવતા પરિવર્તનનોનો અભ્યાસ – દરેક વર્ષે ગામ મોજણીના આધારે સતત અભ્યાસ કરવો અને તે ગામોને પાંચ વર્ષના અંતરાલ પછી પુનરાવર્તન કરી અભ્યાસ કરવો.
    - કૃષિ મંત્રાલય અને રાજ્ય સરકારના અધિકાર ક્ષેત્રમાં આવતા રાજ્યો, તેમજ સિંચાઈ વિભાગના રસ ધરાવતી સમસ્યાઓનો હંગામી અભ્યાસ કરવો.
    - દેશના કૃષિ અર્થતંત્રની મૂળભૂત અને પાયાની સમસ્યાઓના અભ્યાસ હાથ ધરવા, અને,
    - ભારત સરકાર અને રાજ્ય સરકારોને મહત્વપૂર્ણ મુદ્દાઓ કે જેનો સેન્ટરે અભ્યાસ કર્યો હોય તેની તકનીકી સલાહ અને માર્ગદર્શન આપવું.



Agro-Economic Research Centre * Vallabh Vidyanagar * Ministry of Agriculture & Farmers Welfare (GOI) Sardar Patel University

- અત્યારની વાત કરીએ તો એગ્રો–ઈકોનોમિક રીસર્ચ સેન્ટરે છેલ્લાં ૬૨ વર્ષમાં સરકારને ઉપયોગી અનેક સંશોધનની કામગીરીઓ કરી છે. આ સેન્ટર ભારત સરકાર, ગુજરાત સરકાર, મહારાષ્ટ્ર સરકાર, સિંચાઈ વિભાગ, એનડીડીબી, આઈએએસઆરઇ, જેવી અનેક સરકાર અને સંસ્થાઓની સાથે મળીને ગ્રામીણ વિકાસના સંશોધનો/નીતિ વિષયક બાબતો જેવી કે પ્રેશરાઈઝ ઈરીગેશન વ્યવસ્થા, ઈ–કૃષિ ઈનપુટના ભાવો વગેરે અનેક વિષયો પર ગહન સંશોધનો કરી મહત્વના નીતિ–વિષયક રિપોર્ટ/નીતિઓ પુરા પાડયા છે. તેની સાથે સાથે આ સંસ્થાઓએ વિધાર્થીઓ, સંશોધકો અને પીએચડીનો અભ્યાસ કરતા વિધાર્થીઓને અમૂલ્ય માર્ગદર્શન પૂરું પાડયું છે. એટલું જ નહી સેન્ટરે ખેડૂતોને ઉપયોગી અનેક કામગીરીઓ પણ કરી છે.

## (૨.) મલ્ટી સ્ટેટ ઈન્સ્ટીટયુટ ઓફ સ્કીલ ડેવલપમેંટ એન્ડ રિસર્ચ (MSISDR):

- મલ્ટી સ્ટેટ ઈન્સ્ટીટયુટ ઓફ સ્કીલ ડેવલપમેંટ એન્ડ રિસર્ચ, ગાંધીનગર (જેને હવેથી MSISDR તરીકે ઓળખવામાં આવશે) ખાતે આવેલ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપતી બિનસરકારી સંસ્થા છે. સદર સંસ્થા દેશભરમાં પ્રાકૃતિક ખેતીને લગતા તાલીમ કાર્યક્રમો, ટૂંકા ગાળાના સર્ટિફિકેટ કોર્સ વગેરે જેવી વિસ્તરણની પ્રવૃતિઓ ચલાવે છે. આ સંસ્થાની પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહિત કરતી તેમજ તેના પ્રચાર–પ્રસાર અંગેની કામગીરીનો વ્યાપ સમગ્ર ગુજરાત રાજ્યમાં ફેલાયેલ છે. જેને હવેથી બીજા પક્ષકાર તરીકે ઓળખવામાં આવશે.
- MSISDR સમાજના કલ્યાણ માટે કામ કરે છે અને શિક્ષણ, પર્યાવરણ, ગ્રામીણ વિકાસ, કૃષિ અને કૃષિ સંલગ્ન ક્ષેત્રે મોટા પાયે ગુણવત્તાયુક્ત સુધારાઓને પ્રેરિત કરવાના મિશન સાથે સ્કેલેબલ, ટકાઉ, પ્રક્રિયા આધારિત અને પરિણામલક્ષી, સરળતાથી અપનાવી શકાય તેવા પ્રોજેક્ટ્સનું નિર્માણ કરે છે. ટકાઉ વિકાસ પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપવા માટે તેની કુશળતાનો ઉપયોગ કરે છે.
- MSISDR પ્રાકૃતિક કૃષિમાં રસ ધરાવતા વિવિધ હિસ્સેદારો માટે પ્રાકૃતિક કૃષિ પધ્ધતિઓ દ્વારા મોડેલ, નિદર્શન ફાર્મ વિકસાવી અને તેનો ઉદ્દેશ્ય ખેડૂતોમાં જાગૃતિ તેમજ સહકારને પ્રોત્સાહન આપવાનો, ખેડૂતોને પ્રાયોગિક તાલીમ આપવાનો, ખેડૂતોને બજાર અને માંગ અને પુરવઠાની સાંકળ વિકસાવવામાં મદદ કરવાનો તેમજ કુદરતી ઉત્પાદન માટે વધુ સારું બજાર ઉપલબ્ધ કરાવવાનો છે. આ ટ્રસ્ટે ગુજરાતમાં તેના વિવિધ સ્વરૂપોમાં પ્રાકૃતિક કૃષિ પર આધારિત મોટા પાયે ક્ષમતા નિર્માણમાં સહયોગ માટે AERC નો સંપર્ક કર્યો છે.

## (૩.) સહકાર:

- બંને પક્ષોએ ક્ષમતા નિર્માણ, જ્ઞાન વ્યવસ્થાપન, તાલીમ સામગ્રી વિકાસ, અભ્યાસ, સંશોધન, વિકાસ અને પ્રાકૃતિક કૃષિ પરિવર્તન માટેની તાલીમ અને અમલીકરણની સુવિધા માટે માનવ સંસાધનો ઉપલબ્ધ કરાવી પરસ્પર સહકાર અને સંયુક્ત તાલમેલના ફાયદાઓને માન્યતા આપી છે.
- પક્ષકારો બંનેમાંથી કોઈ એક પક્ષના પૂરક અનુભવ, કૌશલ્ય, અધ્યાપક ગણ, જ્ઞાન, નેટવર્કિંગ અને તાલીમ સુવધિાઓથી પરસ્પર લાભની અપેક્ષા રાખે છે.
- હવે તેથી, આ સમજૂતી કરારમાં નિર્ધારિત પરસ્પર વચનોને ધ્યાનમાં રાખીને, અહીંના પક્ષો નીચે મુજબની બાબતો અંગે સંમત થાય છે.

(૩.૧) AERC અને MSISDR વચ્ચેનો આ સમજૂતી કરાર સંસાધનો, વ્યકિતઓ, માસ્ટર ટ્રેનર્સ, સીએસઓ, પાયાના વિસ્તરણ કાર્યકર્તાઓ, લોકોના પ્રતિનિધિઓ સહિત વિવિધ હિતધારકોની ક્ષમતા નિર્માણમાં જોડાવવા અને સહયોગી– સહભાગી સંશોધન પ્રોજેક્ટ્સ, જ્ઞાન વ્યવસ્થાપન, શિક્ષણ અને મૂલ્યાંકન વગેરે શરૂ કરવા માટે સમાન હિત અને ઉદ્દેશ્યથી એક થયા છે.

(૩.૨) બંને પક્ષોનો સહકાર પ્રાકૃતિક કૃષિ પધ્ધતિઓમાં સંશોધન અને વિકાસને સરળ બનાવશે, ખેડૂતોના વિકાસ કાર્યક્રમો દ્વારા ખેડૂતોની જાગૃતિ, કૌશલ્ય, સહકાર અને તાલીમને પ્રોત્સાહન આપશે. જ્ઞાન, સંશોધન અને નિપુર્ણતાના પાયાના સમન્વય, પ્રાકૃતિક કૃષિ દ્વારા કૃષિ ક્ષેત્રે પર્યાવરણીય, સામાજિક–આર્થિક અને તકનીકી પ્રગતિઓને સરળ બનાવશે.

(૩.૩) સહકારની સામાન્ય શરતો આ સમજૂતી કરાર દ્વારા સંચાલિત થશે. બંને પક્ષો એકબીજાને સહકાર આપશે અને વ્યાજબી રીતે વ્યવહારુ હોય તેટલી ઝડપથી, આ



Agro-Economic Research Centre (Ministry of Agriculture & Farmers Welfare, GOI) Sardar Patel University Vallabh Vidyanagar

સમજૂતી કરારની શરતોમાં વિચારવામાં આવેલી ક્રિયાઓને અસર કરવા માટે જરૂરી હોય તેવા તમામ સંબંધિત કરારો, કાર્યો અને દસ્તાવેજો ('નિશ્ચિત દસ્તાવેજો') દાખલ કરશે.

(૩.૪) નિર્ણાયક દસ્તાવેજોની મુદત પક્ષકારો વચ્ચે પરસ્પર નક્કી કરવામાં આવશે. નિર્ણાયક દસ્તાવેજોની સાથે, આ સમજૂતી કરાર અહીંની વિષયવસ્તુ અંગેની સમગ્ર સમજણનું પ્રતિનિધિત્વ કરશે અને આ વિષય પર પક્ષકારો વચ્ચેની કોઈપણ પૂર્વ સમજણને સ્થાનાંતરિત કરશે.

(૩.૫) કરાર તમામ પક્ષોના સહયોગ માટે એક વ્યાપક માળખું પુરું પાડે છે અને આગળના સહયોગ માટે માર્ગદર્શિકા તરીકે કાર્ય કરશે. તેમાં સામેલ પક્ષો વચ્ચેનો બિન–નાણાંકીય કરાર છે.

## (૪.) સ્કોપ /વિસ્તાર

### (૪.૧) AERC નીચેની ભૂમિકાઓ અને જવાબદારીઓ માટે સંમત થાય છે.

(૪.૧.૧) શ્રેષ્ઠ પ્રથાઓ, કેસ સ્ટડીઝ અને શીખવવાનો સંગ્રહ.
(૪.૧.૨) સહાયક કોષોનો વિકાસ અને તેમની ક્ષમતાનું નિર્માણ
(૪.૧.૩) વિવિધ કૃષિ–પરિસ્થિતિક ક્ષેત્રે પાક અને પાક પધ્ધતિ અંગે તાલીમ માટે સાહિત્ય દ્વારા શ્રેષ્ઠ પ્રથાઓ, સિધ્ધાંતો અને પ્રક્ટિસના પેકેજનું સંકલન કરવું
(૪.૧.૪) તાલીમ મોડયુલો અને અભ્યાસક્રમોનો વિકાસ કરવો
(૪.૧.૫) સ્થાનિક કૃષિ વિસ્તરણ સંસ્થાઓના સહયોગથી કુદરતી ખેતી સહિતની વિવિધ કૃષિ–પરિસ્થિતિ પધ્ધતિઓ પર માસ્ટર ટ્રેનર્સ માટે તાલીમનું આયોજન કરવું.
(૪.૧.૬) કૃષિ નિષ્ણાંતોના વિવિધ કૃષિ–પરિસ્થિતિ માટે માસ્ટર ટ્રેનર્સ, પ્રગતિશીલ ખેડૂતોનો માટે ડેટાબેઝ તૈયાર કરવો.
(૪.૧.૭) વિવિધ કૃષિ–પરિસ્થિતિ પધ્ધતિઓ માટે ખેતી અને ખાદ્યપદાર્થોની પર પાયલોટ પ્રોજેક્ટ્સ, નવીન તજજ્ઞતા અને તેનું મૂલ્યાંકન કરવું અને નવા સંશોધન પ્રોજેકટ તૈયાર કરવા.

### (૪.૨) MSISDR નીચેની ભૂમિકાઓ અને જવાબદારીઓ અદા કરશે.

(૪.૨.૧) પ્રાકૃતિક ખેતી પર માસ્ટર ટ્રેનર્સ માટે તાલીમના આયોજનમાં મદદ પૂરી પાડવી
(૪.૨.૨) તાલીમ મોડયુલ અને તેને લગતી સાહિત્ય સામગ્રી વિકસાવવી.
(૪.૨.૩) એગ્રો–ઈકોલોજી આધારિત ખેતી પર નોલેજ હબ વિકસિત કરવો.
(૪.૨.૪) સીએસઓ અને AERC દ્વારા તૈયાર કરાયેલ શિક્ષણ સામગ્રી અને શિક્ષણ દસ્તાવેજો, કૃષિ ઈકોલોજી આધારિત ખેતી પર શ્રેષ્ઠ પ્રયાસો/કેસ સ્ટડી તૈયાર કરવી અને પ્રસારિત કરવી.
(૪.૨.૫) કૃષિ–ઈકોલોજી આધારિત ખેતીના અનુભવોનું મૂલ્યાંકન કરવું.
(૪.૨.૬) રાજ્ય કક્ષાએ એગ્રો–ઈકોલોજી આધારીત ખેતી વર્કશોપનું આયોજન કરવું.
(૪.૨.૭) ગુજરાતમાં એગ્રો–ઈકોલોજી આધારિત ફાર્મિંગ પાયલટ, સંશોધન પ્રોજેક્ટ્સ અને મૂલ્યાંકન,નવિનતા અને સ્કેલિંગ–અપ પહેલની સુવિધા પૂરી પાડવી.

### (૪.૩) બંને પક્ષો સહકાર આપવા સંમત થાય છે.

(૪.૩.૧) ઉપલબ્ધ સંશોધન અને જ્ઞાન સંસાધન આધારોની પરસ્પર વિનિમય દ્વારા સમજૂતી કરારના ઉદેશ્યોને પૂરા કરવા.
(૪.૩.૨) તાલીમ કાર્યક્રમ/વર્કશોપ/સેમિનારના તકનીકી સત્રોમાં બંને પક્ષોના ફેકલ્ટી સભ્યોની કુશળતા, અનુભવ અને જ્ઞાનનો પરસ્પર લાભ લેવો.
(૪.૩.૩) ભંડોળ માટે સંશોધન અને વિકાસ પર સંયુક્ત પ્રોજેક્ટ્સ વિકસાવવા.

Agro-Economic Research Centre (Ministry of Agriculture & Farmers Welfare, GOI) Sardar Patel University Vallabh Vidyanagar

(૪.૩.૪) ખેડૂતોથી લઈને આંતરરાષ્ટ્રીય પક્ષો સુધી તમામ સ્તરે મુલાકાતીઓનું પરસ્પર વિનિમય કરવું.

(૪.૩.૫) ખેડૂતો દ્વારા કુદરતી રીતે ઉગાડવામાં આવતી પેદાશો માટે બજાર જોડાણમાં ટેકો પુરો પાડવો.

(૪.૩.૬) વિડિયો, ફિલ્મો અને ઈન્ટરેક્ટિવ ડિજિટલ ટ્રેનિગ મોડયુલ્સનો વિકાસ કરવો.

## (૫.) માહિતી, ગોપનીયતા અને બૌધ્ધિક સંપતિનું રક્ષણ

(૫.૧) બંને પક્ષો અન્ય પક્ષો તરફથી થયેલા કોઈપણ આંતરિક અથવા માલિકી દસ્તાવેજો સુરક્ષિત રાખવા માટેના તમામ વાજબી પ્રયાસોનો ઉપયોગ કરવા સંમત થાય છે. (અહી ગોપનીય અથવા માલિકી તરીકે વર્ણવેલ કોઈપણ સામગ્રી, જેમાં માહિતી, કાચા અને પ્રોસેસ્ડ ડેટા, પધ્ધતિઓ, ડિઝાઈન અને પ્રકાશનોનો સમાવેશ થાય છે, પરંતુ તે તેના સુધી મર્યાદિત નથી કે જે દરેક પક્ષની માલિકીનો હતો.

(૫.૨) આ સમજૂતી કરાર પર હસ્તાક્ષર સમયે અને તે સમયે તેમાં નિહિત માહિતી, માલિકી દસ્તાવેજો અને બૌધ્ધિક સંપત્તિ જે તે પક્ષની મિલકત રહેશે અને દરેક પક્ષ કલમ–૨ હેઠળ બંને પક્ષો દ્વારા સંમત થયેલી પ્રવૃત્તિઓ હાથ ભરવાના એકમાત્ર હેતુ માટે આવી સામગ્રીનો ઉપયોગ કરવાનો અધિકાર બીજાને આપશે.

## (૬.) સમજૂતી કરારની શરતો, સુધારા અને માન્યતા

(૬.૧) બંને પક્ષો સંમત થાય છે કે આ સમજૂતી કરાર જે તારીખથી અમલમાં આવશે અને જ્યારે બંને પક્ષો તેમાં તેમના હસ્તાક્ષરો કરે, અને જ્યાં સુધી એક પક્ષ બીજાને સમજૂતી કરારને સમાપ્ત કરવાના તેના ઈરાદાની લેખિતમાં જાણ કરે ત્યારે તે સમાપ્ત ન થાય ત્યાં સુધી માન્ય રહેશે, જે કિસ્સામાં, સમજૂતી કરાર આવી સૂચનાની તારીખથી ત્રણ મહિનામાં સમાપ્ત થાય છે.

(૬.૨) પક્ષો સંમત થાય છે કે આ એમઓયુમાં કોઈપણ ફેરફાર અથવા સુધારા લેખિતમાં કરવામાં આવશે અને બંને પક્ષો દ્વારા હસ્તાક્ષર કરવામાં આવશે.

(૬.૩) કોઈ પણ પાસા પર કોઈ મતભેદોના કિસ્સામાં, બંને પક્ષો વચ્ચે સમાધાન દ્વારા આનો ઉકેલ લાવવો જોઈએ.

સાક્ષી તરીકે, અહીં પક્ષકારોએ તેમના સબંધિત હસ્તાક્ષરો કરવામાં આવેલ છે.

**વતી,**
મલ્ટી સ્ટેટ ઈન્સ્ટીટયુટ ઓફ સ્કીલ ડેવલપમેંટ એન્ડ રિસર્ચ, ગાંધીનગર

**વતી,**
સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિધાનગર
એગ્રો–ઈકોનોમિક રીસર્ચ સેન્ટર

| | | | | |
|---|---|---|---|---|
| **શ્રી સુરેશભાઈ પટેલ**<br>મેનેજીગ ટ્રસ્ટી,<br>મલ્ટી સ્ટેટ ઈન્સ્ટીટયુટ ઓફ સ્કીલ ડેવલપમેંટ એન્ડ રિસર્ચ, ગાંધીનગર –ઉઁ ૨૩૨૦, ગુજરાત | શ્રી ડી.એમ. બાવરવા<br>પ્રમુખ<br>મલ્ટી સ્ટેટ ઈન્સ્ટીટયુટ ઓફ સ્કીલ ડેવલપમેંટ એન્ડ રિસર્ચ, ગાંધીનગર –ઉઁ ૨૩૨૦, ગુજરાત | **ડૉ. એસ.એસ.કલમકર**<br>નિયામક અને પ્રાધ્યાપક, એગ્રો–ઈકોનોમિક રીસર્ચ સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિધાનગર–ઉઁ ૧૨૦, આણંદ, ગુજરાત | **ડૉ. ભાઈલાલભાઈ પટેલ**<br>રજીસ્ટ્રાર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિધાનગર–ઉઁ ૧૨૦, આણંદ, ગુજરાત | **ડૉ. નિરંજનભાઈ પટેલ**<br>(કા.) વાઈસ ચાન્સેલર સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિધાનગર–ઉઁ ૧૨૦, આણંદ, ગુજરાત |

**તારીખઃ 17.01.2024**

Agro-Economic Research Centre (Ministry of Agriculture & Farmers Welfare, GOI) Sardar Patel University Vallabh Vidyanagar